


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

# NRG TIMES


## CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ૧૫ જૂન, ૨૦૨૬ • અધિક જેઠ વદ ૧૫ સંવત ૨૦૮૨

Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Dy. Chief Minister
Govt. of Gujarat



**Shri Hareet Shukla, IAS**
Principal Secretary (NRI) &
Chairman, Gujarat State
Non-Resident Gujarati's
Foundation



**Shri V. G. Rore**
Director
GSNRGF

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@gujarat.gov.in

www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY



*Today, across its streets and institutions, in its villages and cities, anchored in equal respect for all faiths; and in the melody of hundreds of its languages and dialects – India lives as one; India grows as one; India celebrates as one.*

\- **Hon'ble Prime Minister Shri Narendra Modi**
*www.pmindia.gov.in*

# અમદાવાદમાં યોજાઈ પ્રથમ વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપ ૧૧૪ મેડલ સાથે યજમાન ભારત મેડલ ટેલીમાં ટોપ પર રહ્યું



વિશ્વ રમતગમતના ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરતા, ૪ જૂન ૨૦૨૬ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે પ્રથમ 'વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપ-૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ થયો હતો. આ ઐતિહાસિક સ્પર્ધાને વડાપ્રધાનશ્રીએ આરોગ્ય અને સુખાકારીની 'ડબલ ડોઝ' ગણાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગૌરવભેર જણાવ્યું હતું કે આ સ્પર્ધામાં ૭૮થી વધુ દેશોના રમતવીરોએ ભાગ લીધો હતો, જે સાબિત કરે છે કે યોગ હવે વૈશ્વિક સ્પર્ધાત્મક સ્પોર્ટ્સ બની ચૂક્યો છે. આ સાથે તેમણે અમદાવાદને 'સ્પોર્ટ્સ કેપિટલ' તરીકે ઓળખાવી વર્ષ-૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે ગુજરાત સજ્જ હોવાની જાહેરાત કરી હતી. કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવીયાએ ભારતના સોફ્ટ પાવર સમાન યોગાસનને વર્ષ-૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સમાં સામેલ કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો, તેમજ ૨૦૩૬ના ઓલિમ્પિક્સમાં પણ તેને સ્થાન અપાવવા મક્કમ નિર્ધાર કર્યો હતો. યોગગુરુ બાબા રામદેવે 'યોગ એ જ એકતા'નો મંત્ર આપ્યો હતો.

આ પાંચ દિવસીય વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપમાં કુલ ૭૯ દેશોના ૫૨૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ૩૧ દેશોના ખેલાડીઓએ ઓછામાં ઓછો એક મેડલ અને ૧૦ દેશોએ ગોલ્ડ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. ૧૨૨ સભ્યોના મજબૂત દળ સાથે ઉતરેલા યજમાન ભારતે સ્પર્ધામાં એકહથ્થુ પ્રભુત્વ જમાવતા ૧૦૨ ગોલ્ડ સહિત કુલ ૧૧૪ મેડલ જીતીને મેડલ ટેલીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્યારે જાપાન ૩ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૫ બ્રોન્ઝ સાથે બીજા ક્રમે રહ્યું હતું. ત્રીજું સ્થાન આર્જેન્ટિનાએ ૨ ગોલ્ડ, ૩ સિલ્વર સાથે મેળવ્યું હતું.

(Source: https://cmogujarat.gov.in, www.divyabhaskar.co.in)

**વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,**
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

# ભાવેશ ઠક્કર કોલફિલ્ડ ગુજરાતી સમાજના પ્રમુખ બન્યા

કોલફિલ્ડ ગુજરાતી સમાજની દ્વિવાર્ષિક સામાન્ય સભામાં ભાવેશ ઠક્કરને વર્ષ ૨૦૨૬-૨૮ના સત્ર માટે સર્વસંમતિથી (બિનહરીફ) પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા છે. વિદાય લઈ રહેલા પ્રમુખ રીટાબેન ચાવડાએ આ સામાન્ય સભામાં નવા પ્રમુખના નામની વિધિવત જાહેરાત કરી હતી. પ્રમુખ તરીકે નિયુક્ત થયા બાદ ભાવેશ ઠક્કરે જણાવ્યું હતું કે, નવા સત્રમાં સમાજને વધુ મજબૂત બનાવવા, યુવા પેઢીને પોતાની સંસ્કૃતિ અને માતૃભાષા સાથે જોડી રાખવા માટે વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. આ સાથે જ તેમણે સમાજ માટે ગુજરાતી ભાષામાં એક માસિક પત્રિકા (મેગેઝિન) શરૂ કરવાનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. (Source : www.livehindustan.com)



# છત્તીસગઢ ગુજરાતી સમાજ દ્વારા વૃક્ષારોપણ

વિશ્વ પર્યાવરણ દિવસ (૫ જૂન) નિમિત્તે સર્વ ગુજરાતી સમાજ છત્તીસગઢના પ્રદેશ પ્રમુખ પ્રિતેશ ગાંધીએ અખિલ ભારત ગુજરાતી સમાજના રાષ્ટ્રીય સભ્ય સાથે મળીને ધમતરીની ગુજરાતી કોલોનીમાં વૃક્ષારોપણ કર્યું હતું. તેમણે ધાર્મિક આસ્થા અને પૂજા વિધિમાં મહત્વ ધરાવતા બિલીપત્ર, લીમડો, કરેણ અને ફૂડહર જેવા વૃક્ષો વાવીને સમાજના લોકોને આ પ્રવૃત્તિને એક જન અભિયાન બનાવવાની આગ્રહપૂર્વક અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે પર્યાવરણની રક્ષા એ આપણી નૈતિક જવાબદારી અને પવિત્ર ધર્મ છે. પ્રિતેશ ગાંધી લાંબા સમયથી પ્રદેશના ગુજરાતી સમાજને વૃક્ષારોપણ સાથે જોડી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ભાવના 'એક પેડ મા કે નામ' અભિયાનને સફળ બનાવવા તેઓ કટિબદ્ધ છે. આ પ્રસંગે નગર નિગમના પૂર્વ સભાપતિ રાજેન્દ્ર શર્મા સહિત ગુજરાતી સમાજના અનેક વરિષ્ઠ આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.




## પ્રેરણા ગાથા

# સંજય તન્ના: વેપારીમાંથી યુગાન્ડાના કેબિનેટ મંત્રી બનવાની સફર

યુગાન્ડાના રાષ્ટ્રપતિ યોવેરી મુસેવેનીએ તાજેતરમાં કરેલા કેબિનેટ ફેરબદલમાં ભારતીય મૂળના અગ્રણી ઉદ્યોગપતિ સંજય તન્નાની દેશના નવા ટ્રેડ, ઈન્ડસ્ટ્રી અને કોઓપરેટિવ્ઝ મંત્રી તરીકે નિયુક્તિ કરી છે. તેઓ યુગાન્ડાની કેબિનેટમાં સ્થાન મેળવનારા એશિયન મૂળના પ્રથમ વ્યક્તિ બન્યા છે.

૧૯મી અને ૨૦મી સદીમાં અસંખ્ય ગુજરાતીઓ વેપાર-રોજગાર અર્થે પૂર્વ આફ્રિકાના દેશો જેવા કે યુગાન્ડા, કેન્યા અને તાંઝાનિયામાં જઈને વસ્યા હતા. સંજય તન્ના તે જ ગુજરાતી ડાયસ્પોરાનો એક હિસ્સો છે.

૧૯૭૩માં જન્મેલા સંજય તન્નાએ નાની ઉંમરે કૌટુંબિક વ્યવસાય સંભાળ્યો. ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં તેમના મોટાભાઈના અવસાન પછી તન્નાએ યુનિવર્સિટી અભ્યાસ છોડી પરિવારના બિઝનેસના પુનર્ગઠન અને વિસ્તરણમાં જાતને ખૂંપાવી દીધી. તેમની રાહબરી હેઠળ કરિયાણા, ઘરેલુ સામાન અને સામાન્ય ચીજવસ્તુના વેચાણનો આ બિઝનેસ ઝડપથી ઈસ્ટર્ન યુગાન્ડાના સૌથી મજબૂત કોમર્શિયલ નેટવર્ક્સમાં એક તરીકે સ્થાપિત થયો. પોતાના અસાધારણ નેતૃત્વથી તેને મેન્યુફેક્ચરિંગ, પેટ્રોલિયમ, હોસ્પિટાલિટી, રિયલ એસ્ટેટ, લોજિસ્ટિક્સ અને ટેલિકોમ જેવા વિવિધ ક્ષેત્રોમાં વિસ્તારી એક મોટું બિઝનેસ સામ્રાજ્ય ઊભું કર્યું. કોકા-કોલા અને યુનિલિવર જેવી વૈશ્વિક બ્રાન્ડ્સ પૂર્વ યુગાન્ડામાં વિતરણ માટે તેમના નેટવર્ક પર નિર્ભર છે.



રાજકીય મોરચે તેઓ ૨૦૦૬થી ૨૦૧૬ સુધી સતત બે ટર્મ માટે ટોરોરો મ્યુનિસિપાલિટીના સાંસદ (MP) તરીકે પણ ચૂંટાયા હતા. તેઓ વંચિત બાળકોના શિક્ષણ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે મોટાપાયે દાન કરવા માટે જાણીતા છે.

સંજય તન્નાની પરોપકારી તરીકેની છબી પણ લોકમાનસમાં વસેલી છે. ઘણા લોકોપયોગી પ્રોજેક્ટ્સ સંજય તન્નાએ ખુદ ફાઈનાન્સ કર્યા છે. હોસ્પિટલ વોર્ડ્સમાં પથારીઓ અને તબીબી સાધનો, વંચિત પરિવારોના મેડિકલ્સ બિલ્સ તેમજ શાળાના વિદ્યાર્થીઓને સ્પોન્સરશિપ તેમના દ્વારા અપાય છે. ટોરોરોમાં તન્ના મેમોરિયલ સ્કૂલમાં સેંકડો બાળકોને સબસિડાઈઝ્ડ અને ઘણા કિસ્સામાં મફત શિક્ષણ અપાય છે. તેમણે ગંભીર બીમાર બાળકોને ભારતમાં હાર્ટ સર્જરી કરાવવામાં પણ યોગદાન આપેલું છે.

(Source : www.gujarat-samachar.com)

## જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની 'વતન પ્રેમ યોજના'

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'માદરે વતન યોજના' અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ કલાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોકત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે 'વતન પ્રેમ યોજના સોસાયટી'ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે 'વતન પ્રેમ સોસાયટી' દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. P M U દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

### આપ જોડાયા?

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@gujarat.gov.in) દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## ભારત વિચાર

"ભારત માત્ર એક દેશ નથી; તે માનવ આત્માની મહાન પ્રયોગશાળા છે."

આ શબ્દો કોઈ ભારતીય વ્યક્તિના નથી, આ શબ્દો છે મહાન ફ્રેન્ચ વિચારકઃ રોમા રોલાના... જેણે પણ હજારો વર્ષો દરમિયાન ભારતનો અભ્યાસ કર્યો, ભારતની આધ્યાત્મિકતાને જાણી. તેણે અનુભવ્યું કે જીવનના તમામ પ્રશ્નોના ઉત્તર અહીં છે. અસ્તિત્વની ઊંચામાં ઊંચી સંભાવના સુધી ભારત પહોંચ્યું છે. જો ભારતની બહારના લોકો પણ તેનાથી આકર્ષિત થતા હોય તો ભારતીય વ્યક્તિ તેનાથી કેમ વંચિત રહી જાય!!



By
Shri Chaitanya Sanghani
Mamlatdar
GSNRGF

# આયર્લેન્ડના સ્ટુડન્ટ વિઝા કેવી રીતે મળે?



આયર્લેન્ડ આજે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણનું એક મુખ્ય કેન્દ્ર બની ગયું છે. ત્યાંની કોઈ યુનિવર્સિટીમાં ત્રણ મહિનાથી વધુ સમયના અભ્યાસ માટે 'લોંગ-ટર્મ સ્ટડી વિઝા' મેળવવા ફરજિયાત છે. આ પ્રક્રિયા મુસાફરીની સંભવિત તારીખના ત્રણ મહિના પહેલાં કરવી જોઈએ, જે મુખ્યત્વે ત્રણ તબક્કામાં વહેંચાયેલી છે: સૌપ્રથમ આયર્લેન્ડની સત્તાવાર 'AVATS' સિસ્ટમ પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવું, ત્યારબાદ નિયત વિઝા ફી ચૂકવવી અને છેલ્લે જરૂરી દસ્તાવેજો સબમિટ કરવા. તમારી ફાઈલને મજબૂત બનાવવા માટે માન્ય પાસપોર્ટ, મેડિકલ ઈન્સ્યોરન્સ, યુનિવર્સિટીનો સ્વીકૃતિ પત્ર (Acceptance Letter), ટ્યુશન ફીની રસીદ અને રહેવા-જમવાના ખર્ચ માટે પૂરતી આર્થિક સદ્ધરતાના પુરાવા હોવા અત્યંત અનિવાર્ય છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓ માટે વાલીની લેખિત સંમતિ પણ જરૂરી છે.

ઇમિગ્રેશન સર્વિસ ડિલિવરી (ISD)ના નિયમો અનુસાર, અરજી કરતી વખતે અત્યંત સાવધાની રાખવી જરૂરી છે. ખાસ નોંધવા જેવી બાબત એ છે કે વિઝા મળવાનો અર્થ એરપોર્ટ પર સીધો પ્રવેશ પાકો છે એવો નથી; ત્યાંના ઇમિગ્રેશન અધિકારીઓ એરપોર્ટ પર ફરીથી અસલી દસ્તાવેજો અને ફંડ્સની ચકાસણી કરી શકે છે. તેથી, વહીવટી અધિકારીઓની સ્પષ્ટ સલાહ છે કે જ્યાં સુધી વિઝાનો અંતિમ સત્તાવાર નિર્ણય ન આવી જાય ત્યાં સુધી ફ્લાઇટની ટિકિટ બુક ન કરાવવી. સચોટ આયોજન અને સંપૂર્ણ કાગળપત્રો સાથેની ધીરજપૂર્વકની અરજીથી વિઝા મંજૂર થવાની શક્યતા વધી જાય છે.

(Source : https://akilanews.com)

# બ્રિટનનું ગ્લોબલ ટેલેન્ટ મિશન

બ્રિટિશ સરકારે વૈશ્વિક ટેક અને ઇનોવેશન ક્ષેત્રે પોતાનું વર્ચસ્વ જમાવવા માટે 'ગ્લોબલ ટેલેન્ટ' વ્યૂહરચના અમલમાં મૂકી છે. આ નવી યોજના હેઠળ, યુકે સરકાર ઝડપથી વિકસતી કંપનીઓને આંતરરાષ્ટ્રીય સ્તરેથી કુશળ પ્રતિભાઓની ભરતી કરવા માટે વિઝા ફીનું રિફંડ આપશે. હાલમાં વિદેશી કર્મચારી દીઠ ચૂકવવી પડતી ૮૧૯ થી ૧,૮૯૫ પાઉન્ડ વચ્ચેની વિઝા ફી પર કંપનીઓ રિફંડ મેળવી શકશે, જેમાં પ્રતિ કર્મચારી દીઠ મહત્તમ ૫,૦૦૦ પાઉન્ડ અને કંપની દીઠ વાર્ષિક વધુમાં વધુ ૨૫,૦૦૦ પાઉન્ડની ટોચમર્યાદા નક્કી કરાઈ છે. આ ઉપરાંત, વિદેશી કંપનીઓ માટે 'એક્સ્પેન્શન વર્કર' સ્પોન્સર લાઇસન્સ મેળવવાની પ્રક્રિયાનો સમયગાળો ઘટાડીને માત્ર ૧૦ દિવસનો કરી દેવાયો છે, જેથી કંપનીઓ પોતાના સ્ટાફને ઝડપથી યુકે મોકલી શકે.

બ્રિટન સરકાર જે ક્ષેત્રો (ડિજિટલ ટેકનોલોજી, લાઈફ સાયન્સ અને ક્લીન એનર્જી) પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, તે તમામમાં ભારત પાસે વિશ્વનું સૌથી મોટું અને કુશળ માનવબળ છે. યુકે સરકાર દ્વારા વિઝાના નિયમો સરળ કરવા અને કંપનીઓનો આર્થિક બોજ ઘટાડવાના આ નિર્ણયથી યુકેની કંપનીઓ માટે ભારતીય ટેલેન્ટ ફર્સ્ટ-ચોઈસ બનશે, જેનાથી ભારતીયો માટે બ્રિટનમાં રોજગારી અને બિઝનેસની નવી તકોના દ્વાર ખુલશે. (Source : https://akilanews.com)

# સ્વિટ્ઝર્લેન્ડમાં ઇન્ટર્નશિપ સાથે દર મહિને રૂ. ૪ લાખ કમાવાની તક



સ્વિટ્ઝર્લેન્ડના જીનીવા નજીક આવેલી વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત અને મોટી રિસર્ચ લેબોરેટરી CERN દ્વારા ભારતીય વિદ્યાર્થીઓ માટે એક શાનદાર શોર્ટ ટર્મ ઇન્ટર્નશિપ પ્રોગ્રામની જાહેરાત કરવામાં આવી છે. આ તક ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ માટે છે જેઓ એડમિનિસ્ટ્રેશન, ફાઇનાન્સ, લૉ, કોમ્યુનિકેશન, અને એન્જિનિયરિંગ જેવા વિષયોમાં અભ્યાસ કરી રહ્યા છે. આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રતિભાશાળી યુવાનોને આંતરરાષ્ટ્રીય સ્તરનું એક્સપોઝર અને અત્યાધુનિક રિસર્ચ સિસ્ટમમાં કામ કરવાનો અનુભવ પૂરો પાડવાનો છે. ભારત CERNનો સભ્ય દેશ હોવાથી, ભારતીય વિદ્યાર્થીઓ આ વૈશ્વિક પ્લેટફોર્મ પર પોતાની કારકિર્દી ઘડવા માટે સંપૂર્ણ રીતે પાત્ર છે.

આ ઇન્ટર્નશિપની સૌથી આકર્ષક બાબત તેનું આર્થિક પાસું છે. પસંદગી પામનાર વિદ્યાર્થીઓને દર મહિને ૩૪૮૬ સ્વિસ ફ્રેન્ક એટલે કે અંદાજે ૪ લાખ રૂપિયાથી વધુનું સ્ટાઇપેન્ડ આપવામાં આવશે. આ સ્ટાઇપેન્ડ વિદ્યાર્થીઓના રહેવા અને ખાવા-પીવાના ખર્ચને પહોંચી વળવા ઉપરાંત આર્થિક બચત કરવામાં પણ મદદરૂપ સાબિત થાય છે. આ ઉપરાંત, ઇન્ટર્નશિપ દરમિયાન વિદ્યાર્થીઓને પેઇડ લીવ (પગાર સાથેની રજા), વાર્ષિક રજાઓ અને આરોગ્ય વીમા જેવી કોર્પોરેટ સ્તરની સુવિધાઓ પણ આપવામાં આવે છે, જે તેને અન્ય ઇન્ટર્નશિપ્સ કરતા અલગ અને શ્રેષ્ઠ બનાવે છે.

લાયકાત અને અરજી પ્રક્રિયા વિશે વાત કરીએ તો, અરજદાર હાલમાં ડિપ્લોમા, બેચલર અથવા માસ્ટર્સમાં ફુલ-ટાઇમ અભ્યાસ કરતો હોવો જોઈએ. સાથે જ, તેને અંગ્રેજી અથવા ફ્રેન્ચ ભાષાનું પૂરતું જ્ઞાન હોવું અનિવાર્ય છે. રસ ધરાવતા વિદ્યાર્થીઓએ ૩૦ જૂન, ૨૦૨૬ સુધીમાં CERNની સત્તાવાર વેબસાઇટ પર જઈને ઓનલાઇન અરજી કરવાની રહેશે. અરજી સાથે પ્રભાવશાળી CV, મોટીવેશન લેટર અને રેફરન્સ લેટર અપલોડ કરવાના રહેશે. આ ઇન્ટર્નશિપ માત્ર આર્થિક લાભ જ નહીં, પરંતુ ભવિષ્યમાં વૈશ્વિક સંસ્થાઓમાં નોકરી મેળવવા માટે પણ એક મજબૂત માધ્યમ બની શકે છે.

(Source : www.vtvgujarati.com)




# ગુજરાતને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે પાંચ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવામાં સમગ્ર દેશમાં સોલર, પવન, હાઇડ્રોપાવર જેવી રિન્યુએબલ એનર્જી મહત્વનો ફાળો આપી રહી છે. જે અંતર્ગત સામાન્ય નાગરિકો પણ પોતાના ઘર ઉપર સોલર પેનલ લગાવીને પર્યાવરણની જાળવણી સાથે આર્થિક ઉપાર્જન મેળવી શકે તે માટે કેન્દ્ર સરકારે 'પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના' અમલી બનાવી છે.

આ યોજનામાં ગુજરાતે ફરી એકવાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દેશના અગ્રણી રિન્યુએબલ એનર્જી રાજ્ય તરીકે પોતાની વૈશ્વિક અને રાષ્ટ્રીય ઓળખ વધુ મજબૂત બનાવી છે. કેન્દ્ર સરકારના નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE) દ્વારા આયોજિત 'પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના' અંતર્ગત 'Month of Solar - May 2026' પહેલ હેઠળ ગુજરાતે પાંચ રાષ્ટ્રીય પુરસ્કારો મેળવી કેટેગરી-B રાજ્યોમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. નવી દિલ્હીના 'અટલ અક્ષય ઊર્જા ભવન' ખાતે યોજાયેલ સમારોહમાં કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશીના હસ્તે ગુજરાતને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

ગુજરાતે ઉત્કૃષ્ટ અમલીકરણ અને શ્રેષ્ઠ પ્રદર્શન બદલ 'પીએમ સૂર્ય ઘર એક્સેલન્સ એવોર્ડ' મેળવવાની સાથે અન્ય ચાર મહત્વપૂર્ણ શ્રેણીઓમાં પણ દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે : (૧) નેશનલ પોર્ટલ પર સૌથી વધુ ગ્રાહક અરજીઓ (૨) સૌથી વધુ રૂફટોપ સોલરનું કમિશનિંગ (૩) DISCOM દ્વારા સૌથી વધુ નિરીક્ષણ પૂર્ણ (૪) સૌથી વધુ વેન્ડર નોંધણીઓ.

MNRE દ્વારા આયોજિત 'મંથ ઓફ સોલાર મે-૨૦૨૬' અભિયાન દરમિયાન ગુજરાતમાં ૩.૦૬ લાખ કરતાં વધુ ગ્રાહક અરજીઓ પ્રાપ્ત થઈ હતી. જે પૈકી ૩૫ હજારથી વધુ રૂફટોપ સોલર લગાવવામાં આવ્યા છે. ૪૨,૫૫૪ ડિસ્કોમ નિરીક્ષણો, નવા વેન્ડરોની નોંધણી જેવી કામગીરીના આધારે ગુજરાતે કેટેગરી-B રાજ્યોમાં તમામ ચાર કામગીરી આધારિત શ્રેણીઓમાં દેશભરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ગુજરાતમાં નેશનલ પોર્ટલ પર ૧૦.૬૬ લાખથી વધુ ગ્રાહક અરજીઓ તથા ૬.૮૧ લાખ રૂફટોપ સોલર લગાવવામાં આવ્યા છે.

(Source: https://gujaratinformation.gujarat.gov.in)

# ગુજરાત સ્થિત દુનિયાની એકમાત્ર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીનો વૈશ્વિક ડંકો

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનથી વર્ષ ૨૦૦૯માં ગાંધીનગરમાં સ્થાપિત નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)ને ૨૦૨૦માં 'ઇન્સ્ટિટ્યૂશન ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સ' (INI)નો સર્વોચ્ચ દરજ્જો મળ્યો છે. પદ્મશ્રી ડૉ. જે.એમ. વ્યાસના કુશળ નેતૃત્વમાં, મે ૨૦૨૬ સુધીમાં આ સંસ્થાએ ભારત ઉપરાંત આફ્રિકન દેશ યુગાન્ડા સહિત દેશ-વિદેશમાં કુલ ૧૩ અત્યાધુનિક કેમ્પસ કાર્યરત કર્યા છે. અત્યાર સુધીમાં વિશ્વના ૯૬ દેશોના સેના અને પોલીસ પ્રતિનિધિઓ અહીંથી ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશનની તાલીમ મેળવી ચૂક્યા છે.



ગુનાની વૈજ્ઞાનિક તપાસને શરૂઆતથી જ સચોટ બનાવવા માટે NFSUએ ખાસ ડિઝાઈન કરેલી ૩૦૦થી વધુ અત્યાધુનિક મોબાઈલ ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશન વાન તૈયાર કરી છે. આ વાન ૨૪x૭ કલાક કૌશલ્યયુક્ત તજજ્ઞો અને ખાસ ફોરેન્સિક કીટ્સ સાથે દેશના ૧૭થી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાયદો અને વ્યવસ્થાને મજબૂત કરવા સેવારત છે.

'મેક ઇન ઇન્ડિયા'ને સાકાર કરતાં આ સંસ્થાના 'ફોરેન્સિક ઇનોવેશન સેન્ટર' અને સ્ટાર્ટ-અપ્સના માધ્યમથી ગુના શોધવા માટેની ૨૦થી વધુ સ્વદેશી ટેકનોલોજીકલ પ્રોડક્ટ્સ બનાવવામાં આવી છે. આ પ્રોડક્ટ્સ આજે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ઇઝરાયેલ, સિંગાપોર અને યુરોપ જેવા વિકસિત દેશોમાં નિકાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સંસ્થાએ ભારત તેમજ અમેરિકામાં પણ વિશિષ્ટ પેટન્ટ્સ મેળવી છે.

જૂન ૨૦૨૫માં અમદાવાદ એરપોર્ટ નજીક થયેલી દુઃખદ એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનામાં NFSUએ સીમાચિહ્નરૂપ કામગીરી કરી હતી. અકસ્માતનો ભોગ બનેલા ૨૬૫ હતભાગીઓની સાચી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે યુનિવર્સિટીની ટીમે રેકોર્ડ બ્રેક ઝડપે DNA પ્રોફાઇલિંગનું અત્યંત જટિલ અને ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. આ ઉપરાંત, રમતવીરોના પોષણ અને પ્રતિબંધિત પદાર્થો (Doping)ના ટેસ્ટિંગ માટે અહીં દેશનું અનોખું કેન્દ્ર (CoE-NSTS) પણ કાર્યરત છે.

વર્તમાન સમયમાં સોશિયલ મીડિયા પર વધતા ફેક ન્યૂઝ અને ડીપ ફેક વીડિયોના કારણે ઊભા થતા સામાજિક અને ડિજિટલ ખતરાઓને રોકવા માટે NFSUના ડ્રોન, ડિજિટલ અને સાયબર ફોરેન્સિક્સ વિભાગો વિશ્વ કક્ષાનું સંશોધન કરી ઉકેલો પૂરા પાડી રહ્યા છે.

(Source: https://gujaratinformation.gujarat.gov.in)



# ડાંગ જિલ્લાનું અદભુત નજરાણું: ગિરા ધોધ

અહીં ખાસ નોંધવું જરૂરી છે કે ડાંગ જિલ્લામાં 'ગિરા' નામે બે અલગ-અલગ ધોધ આવેલા છે, જેના વિશે પ્રવાસીઓમાં અવારનવાર મૂંઝવણ થતી હોય છે: એક ગિરા ધોધ (વઘઈ પાસે), જે અંબિકા નદી પર બનેલો છે (સૌથી વધુ પ્રખ્યાત). બીજો ગિરામાળ ધોધ, જે ગિરા નદી પર બનેલો છે અને સુબિર નજીક આવેલો છે. જોકે વઘઈ પાસે આવેલો ગિરા ધોધ વધારે પ્રખ્યાત છે.

ગુજરાતના દક્ષિણ ભાગમાં આવેલો ડાંગ જિલ્લો તેના ગાઢ જંગલો, પહાડો અને આદિવાસી સંસ્કૃતિ માટે જાણીતો છે. પરંતુ ચોમાસું આવતાની સાથે જ આ જિલ્લો જળધોધના સ્વર્ગમાં ફેરવાઈ જાય છે. આ જંગલોની વચ્ચે આવેલો 'ગિરા ધોધ' ગુજરાતના સૌથી પ્રખ્યાત, વિશાળ અને અદભુત ધોધમાંથી એક છે. તે પ્રકૃતિપ્રેમીઓ અને ફોટોગ્રાફર્સ માટે એક આદર્શ સ્થળ છે.

## ગિરા ધોધ ક્યાં આવેલો છે?

ગિરા ધોધ ડાંગ જિલ્લામાં વઘઈ શહેરથી આશરે ૩ થી ૪ કિલોમીટરના અંતરે આવેલો છે. ગુજરાતના પ્રખ્યાત હિલ સ્ટેશન સાપુતારાથી આ ધોધ આશરે ૫૦ કિલોમીટર દૂર છે. આ ધોધ ભવ્ય અંબિકા નદીના પ્રવાહમાંથી બને છે.

## ધોધની ભૌગોલિક વિશેષતા અને આકર્ષણ

**ઊંચાઈ અને પહોળાઈ:** ગિરા ધોધ આશરે ૭૫ ફૂટની ઊંચાઈએથી સીધો નીચે પડે છે. ચોમાસામાં અંબિકા નદીમાં પાણીનું સ્તર વધતાં આ ધોધ ખૂબ જ વ્યાપક અને અદભુત સ્વરૂપ ધારણ કરે છે.

**કુદરતી રચના:** ધોધ જ્યાં નીચે પડે છે ત્યાં આસપાસ કાળા પથ્થરોની સુંદર ભૌગોલિક રચના જોવા મળે છે. પાણીના તીવ્ર વેગને કારણે આસપાસ આછા ધુમ્મસ જેવી પાણીની છોળો ઉડે છે, જે વાતાવરણને એકદમ ઠંડુ અને ખુશનુમા બનાવી દે છે.


## આસપાસના અન્ય આકર્ષણો

ગિરા ધોધની મુલાકાત વખતે તમે નજીકના આ સ્થળોનો પણ આનંદ માણી શકો છો:

**વઘઈ બોટનિકલ ગાર્ડન:** આ ધોધની ખૂબ નજીક આવેલો છે, જ્યાં હજારો પ્રકારની વનસ્પતિઓ અને ઔષધિઓ જોવા મળે છે.

**વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન:** પ્રકૃતિ અને વન્યજીવનના શોખીનો માટે આ જગ્યા ઉત્તમ છે.

**સ્થાનિક આદિવાસી બજાર:** ધોધની બહાર જ સ્થાનિક આદિવાસીઓ દ્વારા વાંસમાંથી બનાવેલી સુંદર કલાત્મક વસ્તુઓ (Bamboo Crafts) અને શુદ્ધ મધનું વેચાણ થાય છે.







## અહીં કેવી રીતે પહોંચવું?

ગિરા ધોધ સુધી પહોંચવા માટે પાકા રસ્તાની ઉત્તમ વ્યવસ્થા છે:

**રોડ માર્ગ દ્વારા:** સુરત (૧૫૦ કિમી), વલસાડ (૯૦ કિમી), અને નાસિક (૧૦૦ કિમી)થી ખાનગી કાર, ટેક્સી કે એસ.ટી. બસ દ્વારા વઘઈ અને ત્યાંથી ધોધ સુધી સરળતાથી પહોંચી શકાય છે. સાપુતારા આવતા પ્રવાસીઓ માટે વઘઈનો ગિરા ધોધ વન-ડે પિકનિક સ્પોટ તરીકે લોકપ્રિય છે.

**રેલવે માર્ગ:** નજીકનું મોટું રેલવે સ્ટેશન 'બિલીમોરા' છે. આ સિવાય બિલીમોરાથી વઘઈ વચ્ચે ચાલતી ઐતિહાસિક નેરોગેજ હેરિટેજ ટ્રેન પણ એક રોમાંચક અનુભવ પૂરો પાડે છે.

ગિરા ધોધની સાચી સુંદરતા જોવી હોય તો ચોમાસાની ઋતુ (જુલાઈથી ઓક્ટોબર) શ્રેષ્ઠ સમય છે. આ સમયે નદીમાં પાણી ભરપૂર હોય છે અને આસપાસના ડુંગરો લીલી ચાદર ઓઢી લે છે. શિયાળાના પ્રારંભિક મહિનાઓમાં (નવેમ્બર-ડિસેમ્બર) પણ અહીં શાંત વાતાવરણનો આનંદ માણી શકાય છે, પરંતુ ઉનાળામાં ધોધ સૂકાઈ જતો હોવાથી પ્રવાહ જોવા મળતો નથી.

## પ્રવાસીઓ માટે અગત્યની ટિપ્સ

**સલામતી રાખવી:** ચોમાસામાં પાણીનો પ્રવાહ ખૂબ જ તેજ હોય છે અને પથ્થરો પર શેવાળને લીધે લપસણું થઈ જાય છે, તેથી નદીમાં ઉતરવાનું સાહસ બિલકુલ ન કરવું.

**ભોજન વ્યવસ્થા:** ધોધની આસપાસ સ્થાનિક લોકો ચણા-જોર-ગરમ, મકાઈના ડોડા અને ચા-નાસ્તાની નાની દુકાનો ચલાવે છે. ભારે ભોજન માટે વઘઈ શહેરમાં વ્યવસ્થા મળી રહેશે.

**સ્વચ્છતા જાળવો:** ડાંગનું જંગલ પ્લાસ્ટિક મુક્ત રહે તે માટે કચરો કચરાપેટીમાં જ નાખવો.

(Source : https://gujarattourism.com)



# શ્રેય પરિખે જીતી અમેરિકાની 'નેશનલ સ્પેલિંગ બી' સ્પર્ધા




અમેરિકાની સૌથી મુશ્કેલ અને પ્રતિષ્ઠિત ગણાતી 'સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી' સ્પર્ધામાં આ વર્ષે પણ ભારતીય મૂળના બાળકોનો દબદબો યથાવત્ રહ્યો છે. કેલિફોર્નિયાના રાંચો કુકામોંગામાં રહેતા અને આઠમા ધોરણમાં અભ્યાસ કરતા ૧૪ વર્ષીય ભારતીય-અમેરિકન વિદ્યાર્થી શ્રેય પરિખે આ વર્ષનો ખિતાબ પોતાના નામે કર્યો છે. આ ભવ્ય વિજય સાથે શ્રેયને પ્રતિષ્ઠિત 'સ્ક્રિપ્સ કપ' અને ૫૦,૦૦૦ યુએસ ડોલર (આશરે રૂ. ૪૧.૫ લાખ)ની માતબર ઇનામી રકમ એનાયત કરવામાં આવી છે. વર્ષ ૧૯૨૫માં વોશિંગ્ટન ડીસીથી માત્ર ૯ બાળકો સાથે શરૂ થયેલી આ ઐતિહાસિક સ્પર્ધામાં ૧૯૯૯માં નૂપુર લાલાની પ્રખ્યાત જીત બાદ તો આ સ્પર્ધા જાણે ભારતીય ડાયસ્પોરાનું હબ બની ગઈ છે, જે અમેરિકામાં વસતા ભારતીય પરિવારોના શિક્ષણ પ્રત્યેના સમર્પણ અને બાળકોની અસાધારણ બૌદ્ધિક ક્ષમતાને વૈશ્વિક મંચ પર સાબિત કરે છે.

(Source : www.thehindu.com)

# શ્રી પ્રીતેશ ગાંધીની વિશિષ્ટ મહાનુભાવો સાથે મુલાકાત

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને જનકલ્યાણના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભારતીય જનતા પાર્ટીના 'વિશ્વાસ, વિકાસ અને લોક કલ્યાણના ૧૨ વર્ષ' અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ જ શ્રૃંખલામાં ભારતીય જનતા પાર્ટી, છત્તીસગઢ પ્રદેશ સહ-કાર્યાલય મંત્રી શ્રી પ્રીતેશ ગાંધીએ શ્રી શુદ્ધાદ્વૈત પંચમ પીઠાધીશ્વર પૂજ્ય શ્રી વલ્લભલાલજી મહારાજ કામવન છઠ્ઠી બેઠક ચંપારણ સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પૂજ્ય મહારાજશ્રીને કેન્દ્ર સરકારના ૧૨ વર્ષના કાર્યકાળની ઉપલબ્ધિઓ પર આધારિત એક વિશેષ પુસ્તક ભેટ સ્વરૂપે અર્પણ કર્યું હતું. મુલાકાત દરમિયાન કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ, વિકાસલક્ષી પહેલો તેમજ રાષ્ટ્રહિતમાં લેવાયેલા અગ્રણી નિર્ણયો પર ટૂંકી ચર્ચા પણ કરવામાં આવી હતી.



# અમેરિકાની ધરતી પર સુરતીઓનું ગૌરવ



અમેરિકામાં 'ઇન્ડિયન અમેરિકન સિનિયર હેરિટેજ' અને 'સાઉથ અમેરિકન ગુજરાતી સમાજ'ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં વરિષ્ઠ મહિલાઓના અસાધારણ સામાજિક યોગદાન અને સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. આ ગૌરવપૂર્ણ અવસરે મૂળ સુરતના વતની અને અમેરિકાના જાણીતા ઉદ્યોગપતિ યોગી પટેલના પૂજ્ય માતા ઉર્મિલાબેન પટેલનું શાલ ઓઢાડીને વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. અમેરિકાના વિવિધ શહેરોમાંથી પધારેલા આશરે ૧૫૦૦ જેટલા પ્રવાસી ભારતીયોની ગરિમામય હાજરીમાં આ સમારોહ યોજાયો હતો, જેણે વિદેશમાં વસતા ગુજરાતીઓની એકતા અને ભાઈચારાની ભવ્ય ઝાંખી કરાવી હતી. ઉર્મિલાબેનના પુત્ર યોગી પટેલ છેલ્લા ૨૦ વર્ષથી લોસ એન્જલસમાં સ્થાયી થયેલા છે અને વ્યવસાયે કેમિકલ એન્જિનિયર છે. વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ તેમણે વ્યાવસાયિક સ્તરે રિયલ એસ્ટેટ, હોસ્પિટાલિટી (હોટેલ અને મોટેલ ઉદ્યોગ) તેમજ કોમર્શિયલ બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન ક્ષેત્રે અપ્રતિમ સફળતા હાંસલ કરીને મોટું નામ કમાયું છે.

(Source : www.divyabhaskar.co.in)

# ઈંગ્લેન્ડની મેજર કબડ્ડી લીગમાં શાહિલ ઠાકોર



આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના જલુંધ ગામના ૨૬ વર્ષીય તેજસ્વી ખેલાડી શાહિલ ઠાકોરે આંતરરાષ્ટ્રીય રમત જગતમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. શાહિલની ઈંગ્લેન્ડ કબડ્ડી એસોસિએશન (EKA) દ્વારા પ્રતિષ્ઠિત 'મેજર કબડ્ડી લીગ' (M K L ) માં સત્તાવાર ખેલાડી તરીકે પસંદગી કરવામાં આવી છે. હાલ લંડનમાં વસવાટ કરતા શાહિલ ઠાકોરે તાજેતરમાં જ આ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરની આ પ્રતિષ્ઠિત લીગ શાહિલ માટે વૈશ્વિક મંચ પર પોતાની અસાધારણ દેશી પ્રતિભા સાબિત કરવાની સુવર્ણ તક લઈને આવી છે. પોતાની માટીની આ પરંપરાગત રમતને સાત સમુંદર પાર ઈંગ્લેન્ડની ધરતી પર ધબકતી રાખવાની શાહિલની આ સફળ સફરથી ગુજરાતના રમતપ્રેમીઓમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

(Source : www.divyabhaskar.co.in)